# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-11-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ટૂંક સમયમાં તમિળનાડુના કોઈમ્બતુરથી પ્રધાનમંત્રી કિસાન યોજનાનો 21-મો હપ્તો જાહેર કરશે. 18 હજાર કરોડ રૂપિયાથી વધુના આ હપ્તાથી નવ કરોડ ખેડૂતોને મદદ મળશે. આ સાથે જ રાજ્યના 49 લાખથી વધુ ખેડૂતોને પણ આ હપ્તો ચૂકવાશે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત રાજ્યકક્ષાનો આ કાર્યક્રમ યોજાયો. દરમિયાન શ્રી પટેલના હસ્તે 980 કરોડ રૂપિયાથી વધુની સહાયનું વિતરણ કરાયું.

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું , આબોહવા પરિવર્તન એ ખેડૂતો માટે મોટો પડકાર છે. જ્યારે પણ ખેડૂતો પર કુદરતી આફત આવી ત્યારે કેન્દ્ર સરકાર હંમેશા ખેડૂતો સાથે રહી છે. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિને પ્રાધાન્ય આપવા એ સમયની માગ હોવા પર પણ ભાર આપ્યો. શ્રી પટેલે આત્મનિર્ભર ભારત માટે સ્વદેશી અપનાવવા પણ સૌને અનુરોધ કર્યો.

(બાઈટઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

. . . . . . . . . . . .

# CM CABINET MEETING

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી તથા કૃષિ રાહત પેકેજ , કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના આગામી કાર્યક્રમ , એકતા યાત્રા સહિતના કાર્યક્રમ અને રાજ્ય સરકારની આગામી ચિંતન શિબિર અંગે સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ અને નીતિગત વિષય અંગે પણ મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

. . . . . . . . .

# CM SWAGAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આવતીકાલે રાજ્ય "સ્વાગત એટલે કે, ટૅક્નોલૉજીના ઉપયોગ દ્વારા ફરિયાદ પર રાજ્યવ્યાપી ધ્યાન " કાર્યક્રમ યોજાશે. ગાંધીનગરમાં સ્વર્ણિમ્ સંકુલ બેમાં મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમમાં આવતીકાલે સવારે સાડા આઠ વાગ્યાથી સાડા 11 વાગ્યા સુધી સ્વાગત કાર્યક્રમ યોજાશે. તેમાં નાગરિકો પોતાની રજૂઆતો મુખ્યમંત્રીને રૂબરૂ કરી શકશે.

. . . . . . . . . .

# GUJARAT TIGER

ગુજરાતમાં લાંબા સમય બાદ વાઘનું આગમન થયું છે. દાહોદના રતનમહાલમાં વાઘ જોવા મળી રહ્યો છે. મધ્યપ્રદેશ રાજ્યમાં આ વાઘ આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે તેને પૂરતો ખોરાક મળી રહે તે માટે નવા શિકાર માટેની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું વાઇલ્ડલાઈફના અગ્ર મુખ્ય વન સંરક્ષક ડૉ.જયપાલ સિંઘે જણાવ્યું હતું.

(બાઇટ : ડૉ.જયપાલ સિંઘ, PCCF-WILDLIFE)

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણ માળીએ પણ વાઘના આગમનની પુષ્ટિ કરી હતી. ત્યારે રાજ્યમાં વાઘની હાજરીને પગલે વનતંત્ર , પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનિકોમાં ઉત્સાહનો માહોલ વ્યાપ્યો છે.

. . . . . . . . . .

# PADYATRA – OVER ALL

લોખંડી પુરુષ  સરદાર વલ્લભભાઈ પટેલની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે ‘સરદાર@૧૫૦ : યુનિટી માર્ચ    ’ - અંતર્ગત વડોદરાના પાદરા વિધાનસભા વિસ્તારમાં એકતા પદયાત્રા યોજાઇ. એક ભારત   ,  આત્મનિર્ભર ભારત ’ના સંદેશ સાથે યોજાયેલી પદયાત્રા થકી એકતા   ,  અખંડિતતા અને રાષ્ટ્ર સેવાના આદર્શો લોકો સુધી પહોંચાડાયા.

છોટાઉદેપુરમાં યોજાયેલી પદયાત્રામાં પાંચ કિલોમીટરની વિશાળ તિરંગા રેલી સાથે રાષ્ટ્રીય એકતાનો સંદેશ અપાયો. પદયાત્રામાં જોડાયેલા સાંસદ જશુભાઈ રાઠવાએ પ્રતિક્રિયા આપી.

( બાઇટ : જશુભાઈ રાઠવા, છોટા ઉદેપુર )

મોરબીના વાંકાનેર વિધાનસભા મતવિસ્તારમા ધારાસભ્યની પ્રેરક ઉપસ્થિતિમાં એકતા પદયાત્રા યોજાઇ. તેમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ કરાયાં. સાથે જ વેપારીઓએ પુષ્પવર્ષા કરી યાત્રાનું અભિવાદન કર્યું હતું.

પાટણમાં નોરતા ગામ ખાતેથી દેશ ભક્તિના માહોલમાં દસ કિલોમીટર લાંબી, રાષ્રીરાય એકતા પદયાત્રા યોજાઈ હતી.

. . . . . . . .

# MADHAVPUR GHED VIKAS

પોરબંદરના માધવપુર ઘેડ ખાતે ભગવાન શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણી યાત્રાધામનો બીજા તબક્કા હેઠળ 43 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે સર્વાંગી વિકાસ કરાશે. આ તબક્કામાં શ્રી માધવરાયજી મંદિરના પુનઃનિર્માણ , તટીય વિકાસ , વાહન રાખવા માટેની જગ્યાના પરિસરનો વિકાસ સહિતના વિકાસકાર્ય હાથ ધરાશે.

યાત્રાધામના પ્રથમ તબક્કામાં 48 કરોડ રૂપિયાના ખર્ચે શ્રી રૂક્ષ્મણી માતા મંદિર, ચૉરી માયરાની જગ્યા , પ્રવેશ માર્ગ , બ્રહ્મકુંડ, મુખ્ય પ્રવેશદ્વાર અને તટીય વિકાસના કાર્ય પૂર્ણ કરાયા હોવાનું ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . .